
**વડીલોને વંદન**

**અભિનંદન**



વિનોદચંદ્ર મણીલાલ શાહ
(૧૯૩૬)ફોનઃ૨૩૨૨૫૦૧૦



કાનજીભાઈ આર. પટેલ
(૧૯૪૨)મો.૯૪૨૮૪૦૪૭૦૮

## નલીયામાં ૪.૧ ડીગ્રી, જૂનાગઢના ગિરનારમાં શૂન્ય ડિગ્રી

# રાજ્યમાં ઠંડીનો કહેર યથાવત : નવનો ભોગ

### કચ્છના ગાંધીધામમાં તાપણું સળગાવતા લાગેલી આગમાં ૪ના મોત : ભાવનગર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં પણ ઠંડીને લીધે ૪ ના મોત

અમદાવાદ, તા. ૩

જમ્મુ-કાશ્મીર અને હીમાચલ પ્રદેશમાં થયેલા હીમપ્રપાતને લીધે ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. તીવ્ર ઠંડીને કારણે ભાવનગર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં પાંચના મોત નિપજ્યા છે જ્યારે કચ્છના ગાંધીધામમાં વરસાણા નજીક રહેતા શ્રમિકોએ ઠંડીથી બચવા તાપણું કર્યું હતું. તાપણામાં કેમિકલ નાંખતા લાગેલી આગમાં ચાર શ્રમિકોના મોત નિપજ્યા હતા. આમ આજે રાજ્યમાં ઠંડીએ નવ જણાનો ભોગ લીધો હતો.

રાજ્યભરમાં તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ઠંડીને કારણે જનજીવન પર અસર વર્તાઈ રહી છે. આજે સૌથી વધુ તાપમાન કચ્છના નલીયા ખાતે ૪.૧ ડીગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીએ અગાઉના વર્ષોનો રેકર્ડ તોડ્યો છે. જેમાં જૂનાગઢના ગીરીમથક પર ગરમીનો પારો ગગડીને માઈનસ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત જ શૂન્ય ડીગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે જામનગરમાં ૫.૨ ડીગ્રી તાપમાન નીચુ રહેતા અગાઉનો રેકર્ડ તોડ્યો છે. જૂનાગઢ શહેરમાં પણ ૬.૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. તથા પોરબંદર અને ડીસામાં ૭.૨ ડીગ્રી તથા રાજકોટમાં ૭.૭ ડીગ્રી જ્યારે બાકીના શહેરોમાં ૮ થી ૧૩ ડીગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ખાંભા ગામે ખેતરમાં પાણી વાળવા ગયેલા એક આધેડનું ઠંડીને લીધે મોત નિપજ્યું હતું. આ ઉપરાંત રાજકોટ શહેરમાં વિનોદભાઈ સંઘવી (ઉ.વ. ૬૫)ના વૃદ્ધનું ઠંડીના કારણે મોત થયું હતું. અને જીલ્લાના ટંકારા રજાઈ ગામે રામજીભાઈ ભગજીભાઈ નામના ૨૨ વર્ષના યુવાનનું ઠંડીના કારણે મોત નિપજ્યું હતું. તેમજ જૂનાગઢના ભેંસાણ તાલુકાના વાંદરવડ ગામે કલજીભાઈ મેપાભાઈ નામના વૃદ્ધનું ઠંડીને કારણે મોત નિપજ્યું હતું. કચ્છમાં પણ ઠંડીએ ચારનો ભોગ લીધો છે. જેમાં ગાંધીધામના વરસાણા ગામે રહેતા મજૂરોએ ઠંડી ઉડાડવા માટે તાપણું કર્યું હતું. પણ સતત ફૂંકાતા પવનને કારણે તાપણું બરાબર સળગતું ન હોવાથી મજૂરોએ તાપણામાં કોઈ કેમિકલ નાંખતા જોતજોતામાં જ આગે પ્રચંડરૂપ ધારણ કર્યું હતું. અને આગને લીધે લક્ષ્મણભાઈ રામચંદ્ર યાદવ (ઉ.વ.૨૦), શંભુ ચાકુ (ઉવ. ૨૮) સખત દાઝી જતા બનાવના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ૭ દાઝી ગયેલા મજૂરોને દવાખાને લઈ જતા સારવાર દરમિયાન બેના મોત નિપજ્યા હતા. આમ કુલ ચારના મોત નિપજતા ઠંડીને કારણે રાજ્યમાં મૃત્યુ આંક ૯ પર પહોંચ્યો હતો.

રાજ્યના હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં હજુ ૩૬ કલાક ઠંડીનું તીવ્ર મોજું યથાવત રહેશે. જો કે આજે અમદાવાદ અને ગાંધીનગરમાં ગઈકાલની સરખામણીએ ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો હતો.

### ભિલોડાના રીંટોડા ગામે માર્ગ અકસ્માતમાં બાઈકચાલકનું મોત

ભિલોડા તાલુકાના રીંટોડા ગામે રોડ ઉપર એક મોટરસાઈકલ ચાલકેએક રાહદારીને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટરસાઈકલ ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ભિલોડા પોલીસ સ્ટેશનેફરિયાદ નોંધાઈ હતી. ભિલોડાના રીંટોડા ગામે રોડ ઉપર સાંજના સુમારે એક મોટરસાયકલ વિનોદભાઈ સિદ્ધાર્થભાઈ ભગોરા પોતાનં બાઈક નં. જીજે-૯-એ-ક્યુ-૧૩૬૨ના ચાલકે બેદરકારીભર્યું વાહન હંકારી માર્ગ પર ચાલતા રાહદારી સુભાષભાઈનેજોરદાર ટક્કર મારતા તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

### નર્મદા યોજનાના હિમાયતી કૃષ્ણપ્રસાદનું દુઃખદ અવસાન

નર્મદા યોજનાના પાયાના પ્રખર હીમાયતી અને નર્મદાનું તમામ પાણી પીવા તથા સિંચાઈ માટે ગુજરાતને મળે તે માટે છેલ્લી ઘડી સુધી પ્રયાસો કરનાર કૃષ્ણપ્રસાદ પટેલનુંઆજે૯૨ વર્ષની વયે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું છે. છેલ્લા કેટલાક સમયથી સ્વ. પટેલની તબિયત નાદુરસ્ત હતી. ગુજરાતની દુષ્કાળ પીડિત પ્રજાને પીડામુક્ત કરવા માટેની નર્મદા યોજના સાકાર થાય તે માટે પોતાની જીંદગીના સર્વોત્તમ વર્ષો કૃષ્ણપ્રસાદ નર્મદા અભિયાનના પ્રમુખ તરીકે સેવાઓ આપીને સાકાર થાય તે માટે પોતાની જીંદગીના સર્વોત્તમ વર્ષો કૃષ્ણપ્રસાદ નર્મદા અભિયાનના પ્રમુખ તરીકે સેવાઓ આપીને સાકાર કર્યા.



સેક્ટર-૨, બાલા હનુમાનજી મંદિરે જીતની માનતા પૂરી કરવા આવતા ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ.

# સોમાભાઈ પટેલે ધારાસભ્ય પદેથી તો વિઠ્ઠલ રાદડીયાએ સાંસદ પદેથી રાજીનામુ આપ્યું

### વિધાનસભાની બે બેઠક ખાલી પડી : લોકસભાની એક બેઠક ખાલી પડી

ગાંધીનગર, તા.૩

લીંબડીના કોંગ્રેસના ધારાસભ્ય સોમાભાઈ પટેલે આજે ધારાસભ્ય પદેથી જયારે કોંગ્રેસના પોરબંદરના સંસદસભ્ય પદેથી વિઠ્ઠલ રાદડીયાએ રાજીનામું આજે આપી દીધું છે.

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે બે સંસદસભ્યોને વિધાનસભા ચૂંટણી જંગમાં ઉતાર્યા હતાં. પોરબંદરના કોંગ્રેસના સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયા ધોરાજી વિધાનસભા બેઠક પરથી વિજય થઈને ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જયારે સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ પટેલ લીંબડી બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતાં.

વિધાનસભા અથવા તો લોકસભા ગૃહ બેમાંથી એક જ ગૃહના સભ્ય રહી શકે તેવી જોગવાઈ હોઈ સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ પટેલે આજે ધારાસભ્ય પદેથી પોતાનું રાજીનામું વિધાનસભા અધ્યક્ષને સુપરત કરી દીધું હતું.

જયારે વિઠ્ઠલ રાદડીયાએ પક્ષના આદેશને અવગણીને ધારાસભ્ય તરીકે ચાલુ રહેવાનો નિર્ણય કરીને રાદડીયાએ આજે દિલ્હીમાં લોકસભાના અધ્યક્ષને સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું.

વિઠ્ઠલ રાદડીયાએ સાંસદ પદેથી રાજીનામું આપતા પોરબંદર લોકસભા બેઠક ખાલી પડતા હવે પોરબંદર લોકસભા બેઠકની પેટા ચૂંટણી યોજાશે.

જયારે સોમાભાઈ પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામું આપતાં લીંબડી વિધાનસભા બેઠક ખાલી પડવા પામી છે જયારે મોરવારડફના કોંગ્રેસના ધારાસભ્ય સવિતાબેનનું નિધન થતાં આ બેઠક પણ ખાલી પડતા વિધાનસભાની બે બેઠકોની પેટા ચૂંટણીઓ આવશે.

## ગાંધીનગરમાં પ્રદેશ ભાજપની બેઠક યોજાઈ

# નેતૃત્વ માટે તપસ્યા, નિષ્ઠાના મૂલ્યો ફરી પ્રભાવી બન્યા છે

### ચૂંટણીમાં ભાજપના વિજયથી કોટી-લક્ષ્યાવધિ કાર્યકર્તાઓમાં નવો વિશ્વાસ જાગ્યો છે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટીની વિધાનસભા ચૂંટણીમાં થયેલી જીતે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ભાજપાના કાર્યકર્તાઓમાં અભૂતપૂર્વ ચેતના અને વિશ્વાસના તંદુરસ્ત વાતાવરણનું સર્જન કર્યું છે. આ વિજયોત્સવનું વિશ્લેષણ કરીને એમાંથી અનેક મોતી નીકળી શકે છે. અને આવા મોતીની હારમાળાથી ભાજપાને દેશભરમાં જાહેરજીવનમાં જાજરમાન પ્રસ્થાપિત કરવામાં ગુજરાત ભાજપા સામે મોટો પડકાર ઝીલવાનો અવસર છે.

ગાંધીનગરમાં ભાજપાની પ્રદેશ બેઠકમાં ભાવસભર માર્ગદર્શન આપતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આ એવો ચૂંટણી જંગ આપણે જીત્યા છીએ જેના અનેકવિધ પાસા વિશે દેશના જ નહીં, દુનિયાના રાજકીય પંડિતો વિશ્લેષણ કરી રહ્યા છે. આમાં નરેન્દ્ર મોદી કેન્દ્ર સ્થાને નથી, ભાજપાના દરેકે દરેક કાર્યકર્તાના અજોડ અને તનતોડ મહેનત, પરિશ્રમ અને અને ન્યાય-અન્યાય-અપેક્ષા ઉપેક્ષાને વચ્ચે લાવ્યા વગરથી લક્ષ્યાવધિ તપસ્યાનો પરિપાક રંગ લાવ્યો છે. એકેએક કાર્યકર્તા અભિનંદનનો અધિકારી છે.

કાર્યકર્તાઓને પ્રેરણા આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે આજે સમગ્ર સમાજજીવન અને દેશના જાહેરજીવનમાં પરંપરાગત નેતૃત્વની વ્યાખ્યા બદલાઈ રહી છે. દેશભરના સામાન્ય જનમતમાં જે ચેતનાનો જુવાળ જાગ્યો છે તેમાં કોઈક નેતૃત્વ નહીં પણ જનમાનસ દેશને કઈ દિશામાં જોવા માંગે છે તેનું પ્રગટીકરણ છે. આજે નેતૃત્વ માટે તપસ્યા અને નિષ્ઠાના મૂલ્યો ફરીથી પ્રભાવી બની રહ્યા છે અને ગુજરાતે સતત ચોથીવાર જનવિશ્વાસ મેળવીને સમગ્ર દેશમાં નિરાશાના વાતાવરણને નવો રાહ બતાવ્યો છે. આપણે રાષ્ટ્રની ઘણી મોટી સેવા કરી છે. પરંતુ તેથી આપણી સક્ષમ ભવિષ્યની ઘણી મોટી જવાબદારીનો પડકાર ઉભો થયેલો છે એમ તેમણે જણાવ્યું હતું.

આપણા નસીબમાં નિરાંત કે વિશ્રામની કોઈ ક્ષણ નોંધાયેલી નથી. સતત અને સખત પરિશ્રમ કરીને ભાજપાએ બાર બાર વર્ષ સુધી ગુજરાતને વિકાસની એવી ઊંચાઈ ઉપર લઈ જવાની અપ્રતિમ સિદ્ધિ સરકાર દ્વારા મેળવી છે કે જનતા આપણી પાસે ખૂબ મોટી અપેક્ષા રાખે છે. તસુભાઈર પણ આપણે નીચે ઉતરી શકીએ નહીં. પરંતુ આપણે એવા ઊંચાઈના બેન્ચમાર્ક સાથે કામ કરવાનો પડકાર ઝીલવાનો છે જેમાં દરેક કાર્યકર્તાની નિષ્ઠા અને યોગ્યતાનો સમન્વય થવાનો છે.

નરેન્દ્ર મોદીએ સંગઠન શાસ્ત્રના અનેક પાસાંઓ વિશેનું વિશ્લેષણ કરતાં કાર્યકર્તાઓને વિજયના ઉન્માદ નહીં, પણ ઉમંગ રૂપે અનુભૂતિ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતુંકે, જ્યાં જીત નથી મળી ત્યાં લમણે હાથ દઈને નિરાશાના અપરાધ બોજ નીચે જીવવાની કોઈ જરૂર નથી. આપણે ચિંતન-અન્વેષણ જરૂર કરીએ પરંતુ આપણે ગુજરાતની આવતીકાલ અને રાષ્ટ્રની સેવા માટેના ભારતમાતાના પરમ વૈભવનું લક્ષ્ય કેન્દ્રસ્થાને રાખવાનું છે. ચૂંટણી એ તો પડાવ છે. આપણે કોઈપણ પડકારોથી કે વિપરીતતાઓથી ચલિત કે વિચલિત થયા વગર લડના હૈ, આગે બઢના હૈ, જીતના હૈ તે અપનાવવાનું છે.


### નડીયાદમાં જીએસપીસી ગેસ પાઈલ લાઈનમાં આગ

ખેડા જિલ્લાના નડીયાદમાં સંત અન્ના હાઈસ્કૂલ નજીક આજે સવારે પોણા ચાર વાગ્યાના સુમારે રસ્તાની બાજુમાંથી પસાર થતી જીએસપીસી કંપનીની ગેસલાઈનમાંથી ગેસ લીકેજ થતાં આગ ભભૂકી ઉઠી હતી. આગને કારણે રસ્તા ઉપર મુકેલા પાન બીડીના બે ગલ્લા તથા નજીકમાં પાર્ક કરેલું પલસર મોટર બાઈક ઝપટમાં આવી ગયું હતું. અને ત્રણે ભસ્મીભૂત થઈ ગયા હતા. આગમાં એક મહિલા દાઝી જતાં તેને નડિયાદની સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે ફાયરબ્રિગેડના ફાઈટરોલઈનેજવાનો ધસી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને લગભગ પોણો કલાકમાં કાબૂમાં લઈ લીધી હતી.




ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થા (ગેમી) ગાંધીનગરના લોગોની વિમોચન વિધી વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપત વસાવાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, વન અને પર્યાવરણ વિભાગના શ્રી એચ. કે. દાસ અને નિયામક ગેમી ડૉ. સંજીવ ત્યાગી સહિતની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિભાગના વડાઓએ હાજરી આપી હતી.

## શબ્દાવલી - ૪૯૪૧



**આડી ચાવી**

૧. ઉપકાર માનવો,... માનવો (૩)
૩. અર્જુનનું ધનુષ્ય (૩)
૬. શ્રીકૃષ્ણના પાલક પિતા (૨)
૮. એક વાદ્ય (૩)
૧૦. ચોકીદાર, ગેટકીપર (૪)
૧૧. એક જંતુ (૩)
૧૨. સન્માન કરવું, ... આપવું (૨)
૧૩. લોકોની એવી માન્યતા છે કે સાપ વધારે હોવાથી આ સ્થળનું નામ... પડ્યું (૪)
૧૬. જજમાન, મહેમાન ગતિ કરાવનાર (૪)
૧૮. સમજવાની શક્તિ, ....(૪)
૨૦. શ્રીકૃષ્ણનું કુળ (૩)
૨૨. સાંજનું ભોજન, ડિનર (૨)

**ઊભી ચાવી**

૧. મોજ-મસ્તી (૩)
૨. આ તિથિએ શ્રધ્ધાળુઓ અંબાજી પગપાળા પ્રવાસ કરે છે (૭)
૪. ભાત પાડવી, ... દોરવી (૪)
૫. પાણીમાં પથ્થર નાખવાથી થતાં કુંડાળા, વમળ (૩)
૭. આપવું, ... કરવું (૨)
૯. કમાવું, રોજી મેળવવી (૩)
૧૪. એક પ્રકારના ફળ (૩)
૧૫. પૈસા વગર સેવા આપે તે (૩)
૧૭. દયાળુ (૩)
૧૮. મિત્ર, દોસ્ત (૨)
૧૯. ત્વરીત (૨)
૨૧. મોભો (૨)

### શબ્દાવલી ૪૯૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) વરસાદ (૩) પ્રકાશ (૬) લીખ (૮) જર (૯) મામલતદાર (૧૨) વજૂદ (૧૪) મળવું (૧૫) રઘુ (૧૭) દામણી (૧૯) ચમાર (૨૦) મજા (૨૧) અદા (૨૩) યોક (૨૪) નકશો (૨૫) મન

**ઊભી ચાવી :-** (૧) વરમાળા (૨) દલીત (૪) કાજ (૫) શરમ (૭) ખદાવવું (૧૦) લજામણી (૧૧) રજુ (૧૩) દરમાયો (૧૬) ઘુરકવું (૧૭) દામન (૧૮) મજાક (૨૨) દામ

### ઉદાસીનતા છોડવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં તંત્ર એ જે ઉદાસીનતા દાખવી છે તે અક્ષમ્ય છે. કેટલાક કામોના હજુ તો અંદાજો મેળવવાના બાકી છે તેમજ કેટલાક કામો જે સભ્યોએ સૂચવ્યા હતા તેના બદલે તંત્રએ તેની મનમાની કરી જે ફેરફારો કર્યા છે તે સાંખી શકાય નહિ.

આજની બેઠકમાં તંત્રએ એવો લૂલો બચાવ કર્યો હતો કે ૪૫ ગામોમાંથી હજુ ઠરાવો પસાર કરી બહાલી આપવામાં આવી નહિ હોવાથી કામો ખોરવાયા છે. જો કે સભ્યો આ વાત સાથે સહમત થયા ન હતા.

આજની આ સભામાં ઘણા સભ્યોએ ગત બેઠકની કાર્યવાહી નોંધ ન મળ્યા અંગેનો રોષ વ્યકત કર્યો હતો. એક તબક્કે એક સભ્ય એ તો તાલુકા વિકાસ અધિકારીને એવો પ્રશ્ન કર્યો હતો કે તમે સ્ટાફથી નારાજ છો કે સ્ટાફ તમારાથી નારાજ છે?

આજની આ સભામાં ભાજપ કોંગ્રેસના સભ્યોએ વિકાસના કામો ઝડપથી કાર્યરત કરવા અંગેનો આગ્રહ કર્યો હતો. તેમજ સામાન્યસભામાં ગઈ વખતે ગેરહાજર રહેલા અધિકારીઓના ખુલાસા પુછવામાં દાખવેલી ઉદાસીનતા ને લઈ સભ્યોએ સામાન્યસભાની ગરીમા જળવાવી જોઈએ તેવી લાગણી વ્યકત કરી હતી.

સિંચાઈના ૮૬ કામો જે સૂચવાયા હતા તે પૈકી ૪૬ ગામોને વહીવટીય મંજૂરી મળી ગઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઉપરાંત નરેગામાં સારી કામગીરી થઈ હોવાનો દાવો પણ આજની આ સભામાં કરાયો હતો.

સભાના અંતે તાલુકા વિકાસ અધિકારી શ્રી તુવાર અને પ્રમુખશ્રી પોપટભાઈ પટેલે સ્નેહસભર પ્રવચન કરી સભ્યોને પંચાયતી રાજની પારદર્શકતા જાળવી રાખવામાં આપેલા સકારાત્મક સહયોગ માટે આભાર માન્યો હતો.

### યોજના વિલંબમાં પડી..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનું કામ હાથ ધરાયું છે. જેમાં નવા સે. ૧ થી ૧૩માં પાણી વિતરણ વ્યવસ્થા અસરકારક બનાવવા જૂની પાઈપલાઈનો બદલવા ઉપરાંત સે. ૫-ડી ખાતે નવીન પાણીની ટાંકી બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ કામગીરી પૂર્ણતાના આરે છે. નવા સેક્ટરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા ૧૬.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે જૂના સેક્ટરોમાં ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનુ નિર્માણ કરાયું છે. આ દરમિયાન ટોરેન પાવર કક્ષાએથી વીજ જોડાણની મંજુરી પણ મેળવી લેવાઈ છે. ચરેડી ખાતે પાણી અપગ્રેડ પાણી વ્યવસ્થાને ધ્યાને લઈ જૂના સેક્ટરોમાં સવારે પાણીનો કોમન સપ્લાય આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાલ બે ફેઈઝમાં સવાર-સાંજ અપાતા સપ્લાયના બદલે એક જ સમયે પાણી વિતરણ કરવામાં આવનાર છે. પરંતુ પાણી વ્યવસ્થાનું નવુ માળખુ ઉભુ કરાયા બાદ પણ છેલ્લા ત્રણ મહિનાથી કોમન સપ્લાય આપવાની વાતનો અમલ થઈ શક્યો નથી. તંત્રના જણાવ્યા મુજબ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા અપાતો પાણીનો જથ્થો પર્યાપ્ત ન હોવાથી કોમન સપ્લાય માટે પર્યાપ્ત પાણી પુરવઠાની ખેંચ વર્તાય તેમ છે. નર્મદાનું પાણી શુદ્ધ કરવા શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પણ વધારવાની અનિવાર્યતા છે. હાલની સ્થિતિ મુજબ કોમન સપ્લાય આપવામાં આવે તો ઉનાળામાં પાણીની ઘટનો પ્રશ્ન ઉદ્ભવે તેમ છે. જો કે આ મામલે નવો શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવા પણ તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે. પાણીના કોમન સપ્લાય બાબતે ટુંકમાં ઉચ્ચ કક્ષાએથી નિર્ણય લેવાશે. ત્યારબાદ આખરી આયોજન થશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# નરોડા ગામ હત્યાકાંડ : જજ બદલવાની વધુ સુનાવણી ૭મીએ

### માયા કોડનાની, બાબુ બજરંગી, સહિત ત્રણે અરજી કરી હતી

અમદાવાદ, તા. ૩

નરોડા ગામ હત્યાકાંડ કેસમાં ડેઝીગ્નેટેડ જજ ડો. જ્યોત્સનાબેન યાજ્ઞિક સમક્ષ કેસની ટ્રાયલ ચલાવવા સામે આરોપીઓએ કરેલી અરજીમાં ૭મી જાન્યુઆરીએ વધુ સુનાવણી હાથ ધરાશે.

નરોડા ગામ હત્યાકાંડ કેસમાં ધરપકડ કરાયેલા ભાજપના પૂર્વ બાળ અને કલ્યાણ પ્રધાન ડો. માયાબેન કોડનાની, બાબુ બજરંગી અને કિશન કોરાણીએ જજ બદલવા માટે અરજી કરી હતી. સ્જેમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, નરોડા -પાટિયા હત્યાકાંડ કેસની ટ્રાયલ ડેઝીગ્નેટેડ જજ ડો. જ્યોત્સનાબહેન યાજ્ઞિક સમક્ષ હાથ ધરવામાં આવી હતી. આ કેસની ટ્રાયલ પણ આ જજ સમક્ષ હાથ ધરવામાં આવે તો તેમને વાંધો હોવાનુંજણાવ્યુંહતું. નરોડા પાટિયા કેસમાં જજ આરોપીઓને સજા ફટકારી હતી.

આ કેસ એકબીજાથી અલગ છે તેવા વિવિધ કારણોસર જજ ડો. જ્યોત્સનાબહેન યાજ્ઞિક સિવાય અન્ય જજ સમક્ષ કેસની ટ્રાયલ ચલાવવા માંગ કરવામાંઆવી હતી. આ અંગેની ગુરુવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

આરોપીઓ તરફે સિનિયર એડવોકેટ નિરુપમ નાણાવટી રજુઆત કરવાના હોવાથી કોર્ટ સમક્ષ સમયની માંગ કરવામાં આવીહતી. આ મામલે ૭મી જાન્યુઆરીએ સુનાવણી હાથ ધરાશે.

આ કેસની વિગતવાર માહિતી એવી છે કે વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ રાજ્યમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. આ દરમિયાન નરોડા ગામ ખાતે હિંસક ટોળાએ આતંક મચાવતાં ૧૧ મુસ્લિમોને જીવતા સળગાવી દેવાયા હતા.

આ કેસમાં સીટે માયાબેન કોડનાની, બાબુ બજરંગી અને કિશન કોરાણી સહિત અન્યોની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

### ૮ આની ઉત્પાદન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં પીવાના પાણીની ચિંતા પણ ઘટી છે. તેમજ ઘાસચારાના પાકનું સારૂ વાવેતર થતાં પશુધનના આહાર માટે પણ જરૂરી ઘાસચારો ઉપલબ્ધ બની રહેશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની રચના થઈ ત્યારથી આજદિન સુધી આનાવારી ઊંચી જ પ્રાપ્ત થઈ છે. જો કે આ વખતે વરસાદની અનિયમિતતાને કારણે ઉત્પાદન ઓછુ જરૂર થયું છે. જો કે સરેરાશ ઉત્પાદન જળવાઈ રહેવા પામ્યું છે.

**પરિશિષ્ટ-૧**

**જાહેર નિવિદા**

માર્ગ અને મકાન વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની અધિક્ષક ઈજનેરશ્રી આલેખન (મા. અને મ.) વર્તુળ ગાંધીનગર કચેરીમાં ઓટોકેડ સોફ્ટવેરમાં સ્ટ્રક્ચરલ ડીઝાઈન ડ્રોઈંગ, સોફ્ટ કોપી તેમજ હાર્ડ કોપીમાં તૈયાર કરવાની કામગીરી કરવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક વચ્ચે તા. ૧૦-૧-૨૦૧૩ સુધીમાં આલેખન (મા. અને મ.) વર્તુળ કચેરી ખાતેથી અરજી સાથે કચેરીમાં રૂ. ૬૦૦/- રોકડા ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

ભાવપત્રકના ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૬-૧-૨૦૧૩ના રોજ ૩-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

**આલેખન (મા.અને મ.) વર્તુળ,**
**બ્લોક નં. ૧૩, પહેલા માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર**

**અધિક્ષક ઈજનેર**
**આલેખન (મા. અને મ.) વર્તુળ**
**ગાંધીનગર**
માહિતી/૧૯૧૮/૧૨-૧૩